
25 સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ



જાગૃતતાથી શૂન્યતા તરફ

પ રની તલ્લીનતામાં આપણે પોતાને ભૂલી જઈએ છીએ અને સમસ્ત પર પ્રત્યેની જો તલ્લીનતા તૂટી જાય, પર પ્રત્યે માત્ર અવેરનેસ/જાગૃતતા રહી જાય, માત્ર હોશ જ રહી જાય તો તે સ્થિતિમાં તલ્લીન થવાની આપણી જે ક્ષમતા છે-આ ક્ષમતા આપણામાં નિશ્ચિતપણે છે. એ જે તલ્લીન થવાની ક્ષમતા છે, જો તેને ક્યાંક બીજે તલ્લીન ન થવા દઈએ તો તે ક્ષમતા સ્વયંમાં તલ્લીન થઈ જશે. એવી વ્યક્તિ સ્વસ્થ હશે, તે સ્વમાં સ્થિત હશે, તે પોતાનામાં સ્થિર થઈ જશે તે ક્યાંય બીજે ડૂબેલી નહીં હોય તે પોતાનામાં જ ઊતરી જશે. આવી વ્યક્તિ બધાં જ કાર્યો કરશે, કારણ કે તે જાગૃત છે, મૂર્છિત નથી અને તેની બધી ક્રિયાઓ કુશળ હશે કારણ કે તે દરેક કાર્ય સંપૂર્ણ જાગૃતિ સાથે કરશે પરંતુ સાથે-સાથે એક અદભુત ઘટના ઘટશે તે દરેક વસ્તુ અને દરેક ક્રિયા કરતો હોવા છતાં પોતાનાથી વિચલિત નહીં થાય. પોતાનાથી ડગશે નહીં પોતાનામાં જ સ્થિર રહેશે, સુસ્થિર રહેશે. આવી વ્યક્તિને ગીતામાં 'સ્થિતપ્રજ્ઞ' કહી છે.જેની પ્રજ્ઞા સંપૂર્ણપણે સ્થિર છે...જેની પ્રજ્ઞા પોતાનામાં સંપૂર્ણપણે સ્થિર થઈ ગઈ છે, જેનું જ્ઞાન પોતાનામાં જ સ્થિર થઈ ગયું છે. તો જ્ઞાન આપણા પોતાનામાં સ્થિર થઈ જાય, તેના માટે શૂન્યતા અને જાગરૂકતાનો પ્રયોગ કરવો. શૂન્યતા અને જાગરૂકતામાં બહુ મોટો ભેદ નથી. જાગરૂકતા પ્રક્રિયા છે અને પરિણામ શૂન્યતા છે. આપણે જાગૃત થવાનો પ્રયોગ કરીશું તો પરિણામે શૂન્યતા પ્રાપ્ત થશે. શરૂઆતમાં તે નિષ્ક્રિય હશે પછી તેને સક્રિય કરવું પડશે અને જ્યારે તે અખંડ ચોવીસ કલાકની સ્થિતિ બની જાય ત્યારે એવો માણસ સંન્યાસી છે. તે ક્યાં રહે છે તેનાથી મારે કોઈ સંબંધ નથી. તે કેવી રીતે રહે છે તેનાથી પણ કોઈ સંબંધ નથી. આની શરૂઆત અડધો કલાક કરવાથી કરી શકાય. તો કયો સમય સારો છે? રાત્રીનો સમય ખૂબ સારો છે જ્યારે બધું શાંત થઈ જાય ત્યારે અડધો કલાક બેસીને પ્રયોગ કરી લો અને જો એ શક્ય ન હોય તો સવારનો સમય સારો છે. જો રાત્રે તમે વધારે થાકી જતાં હો, દિવસભરના કામકાજ પછી બેસવું કે ઊઠવું અને અડધો કલાક પ્રયોગ કરવો શક્ય ન હોય તો સવારે ઊઠીને પથારીમાં જ બેસી જાઓ તે સમયે અડધો કલાક કરી લો અથવા જે તમને અનુકૂળ પડે. જેટલા આરામથી બેસી શકો એટલા આરામથી બેસો. કોઈ ચોક્કસ સ્થિતિની વાત નથી. આરામ જ મહત્ત્વપૂર્ણ છે એટલે કે બીજી કોઈ વસ્તુને મહત્ત્વ આપવાની જરૂર નથી. મહત્ત્વ તો એ પ્રક્રિયાને આપવાનું છે જે તમને સુખદ લાગે. જો સૂતાં-સૂતાં કરવું સુખદ લાગે તો સૂઈને પણ કરી શકો કારણ કે ભલે તમે સૂઈ રહ્યા હો, ભલે તમે બેઠા હો કે ઊભા હો આત્મા તો એક જ સ્થિતિમાં છે. તમારા સૂવા, ઊઠવા કે બેસવાથી તેમાં કોઈ ફરક પડતો નથી. માત્ર એટલું ધ્યાન રાખવાનું છે કે શરીરની સ્થિતિ એવી ન હોય કે તે એક સ્થિતિ આચરણનું કારણ ન બને, આટલું ધ્યાનમાં રાખીને તમે ગમે ત્યારે આ પ્રયોગ કરી શકો. થોડા જ દિવસોમાં એક ખૂબ જ અદભુત અનુભવ થશે. ખૂબ જ અદભુત!

(ઓશોના પુસ્તક 'પ્રેમ નદી કે તીરા'માંથી. સૌજન્યઃ ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે.)

ઓશો વાણી

શૂન્યતા અને જાગરૂકતામાં બહુ મોટો ભેદ નથી. જાગરૂકતા પ્રક્રિયા છે અને પરિણામ શૂન્યતા છે. આપણે જાગૃત થવાનો પ્રયોગ કરીશું તો પરિણામે શૂન્યતા પ્રાપ્ત થશે

પ વાધિરાજ દિપોત્સવનો મહિમા સર્વત્ર અનુભવાય એવો માહોલ સર્જાયો છે. આનંદોત્સવની તૈયારીઓ પણ પૂર્ણ જોશમાં દેશભરના સનાતનીઓ કરી રહ્યાં છે. આ સપ્તાહના અંતથી આગામી અઠવાડિયા અને પખવાડિયા સુધી તહેવારોની શૃંખલા ચાલશે. જો કે છેલ્લા દોઢ-બે મહિનાથી રાજકીય દ્વંદ્વ ચરમ પર છે તહેવારોને કારણે કદાચ પ્રજાલક્ષી નિર્ણય લઈ બધા રાજકીય પક્ષો યુદ્ધને વિરામ આપી અને તહેવારોના પછીના સમયે ખેંચી જશે એવી ઘણા બધા ભારતીયોની અપેક્ષા હતી પણ વર્તમાન રાજકારણ એટલું બધુ દૂષિત છે કે લોકહિતાર્થની વાતો એમાં સાવ ગૌણ મનાય છે અને પક્ષો સ્વહિતને પ્રાધાન્ય આપી સનાતનીઓની સૌથી મોટી અને મહત્ત્વપૂર્ણ દિપોત્સવ પર્વ શૃંખલાનું સમ્માન જાળવ્યા વગર તહેવારોના ટાંકણે જ 'કહો પાર્થને ચઢાવે બાણ' જેવા રણટંકાર સાથે રાજકીય રણભૂમિને રક્તરંજિત કરવા રાજકીય પક્ષો કટીબદ્ધ હોય એવું વાતાવરણ સર્જાયું છે. જો કે દેશવાસીઓ દીપાવલીના તહેવારોને ભરપૂર આનંદ માણવા આતુર બન્યા છે. ઝળહળતી લાઈટની રોશની સાથે સુશોભિત બજારોમાં ધૂમ ખરીદી સાથે રોનક દેખાઈ રહી છે. વેચાણ અને ખરીદી વચ્ચે આમ આદમીનો પરિવાર પણ પર્વને માણવા એડજેસ્ટમેન્ટમાં છે અને સફળ પણ થતો હોય છે કારણ કે ભારતીય બજારોનો મુખ્ય આધાર જ મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમ વર્ગ છે. દેશમાં જ્યારે સર્વત્ર તહેવારોનો માહોલ છે ત્યારે દિલ્હીમાં વર્તમાનના વિવિધ રાજકીય પ્રદર્શનો, વિરોધ પ્રદર્શનો અને રસ્તાઓ બંધ જેવી પરિસ્થિતિમાં દિલ્હીના વેપારીઓ બહુ મોટું નુકસાન ભોગવી રહ્યા છે કારણ કે દેશભરમાંથી હોલસેલ અને છૂટક ખરીદી માટે આ દિવાળીના મહિનામાં આવતા ગ્રાહકોમાં ધરખમ ઘટાડો નોંધાયો છે તેથી ચેમ્બર્સ ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોનું આર્થિક નુકસાન રૂ. 3000 કરોડ ઉપર થવા જાય છે અને દિવાળી સુધીમાં 10,000 થી 12,000 કરોડ ઉપર નુકસાન થવાની સંભાવના છે. ઉપરોક્ત સંસ્થાઓએ નાના-મોટા વેપારીઓની રોજીરોટી અને આર્થિક નુકસાન બચાવવા સુપ્રીમ કોર્ટ અને સરકાર સામે રજૂઆતો પણ કરી છે. દિવાળીના ખરીદ-વેચાણને સ્પર્શતો વેપારીઓનો મુદ્દો હોવાથી અત્રે ઉલ્લેખ જરૂરી હતો પણ 'સત્સંગ' એ રાજકીય મુદ્દાઓ માટેનું પ્લેટફોર્મ નથી જ.

દીપાવલીના તહેવારોમાં મોટા ધાર્મિક સ્થળોની રોનક જ કંઈ ઓર હોય છે. ઘણો મોટો એક વર્ગ છે જે દિવાળીના દિવસોમાં તીર્થધામોમાં તહેવારો ઉજવતાં હોય છે. અયોધ્યામાં રામમંદિરના નિર્માણ પછી અહીં દિવાળીની ઉજવણીનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. આ વર્ષે પણ પ્રતિવર્ષ મુજબ સરયુના ઘાટ પર 30 લાખ દીવા પ્રગટાવી વર્લ્ડ રેકોર્ડ સ્થાપવાની અહીંના વહીવટીતંત્રની ગણતરી છે. સરયુ નદીના 56 ઘાટ પર આ 30 લાખ દીવાઓ દિવાળીની રાત્રિએ ઝળહળશે. અહીંના રસ્તાઓ, રેલવેસ્ટેશન લાઈટિંગની રોશનીથી સુશોભિત કરાઈ રહ્યાં છે તો રામ મંદિર, હનુમાનગઢી અને કનકભવન સહિતના મહત્ત્વના સ્થાનો ફૂલોથી શણગારાય રહ્યાં છે. પ્રશાસન સુરક્ષા અને શહેરી સુંદરતા માટે છેલ્લા કેટલાંયે દિવસોથી કાર્યરત છે. મહાદેવની નગરી, મોક્ષનગરી કાશીમાં પણ દિવાળીના તહેવારો માટે ગંગાતટના અનેક ઘાટોને શણગારવા સાથે લાખોની સંખ્યામાં દીવા પણ પ્રગટાવાશે, અહીંના દશાશ્વમેધ ઘાટ ઉપરાંત અન્ય ઘાટ પર થતી ગંગા-આરતીને અધિક દિવ્ય સ્વરૂપ અપાશે. કાશીમાં દિવાળીના પંદર દિવસ પછી આવતી દેવ દિવાળીનું મહત્ત્વ પણ ઘણું છે. તહેવારોમાં દર્શનાર્થીઓની સંખ્યા ખૂબ વધી જશે તેથી મંદિર ટ્રસ્ટ, સ્થાનિક પ્રશાસન અને રાજ્ય સરકારની અનેક પ્રકારની જવાબદારીઓ વધી જતી હોય છે.

હરિદ્વારમાં નગરીને ઝાકમઝોળ કરવા ગંગા-ઘાટ, મંદિરો અને શહેરના રસ્તાઓને લાઈટિંગથી સુશોભિત કરાઈ રહ્યા છે. અહીં ગંગાના ઘાટોની ગંદકી હટાવી નદીને પણ સ્વચ્છ બનાવવા માટે પ્રતિવર્ષની જેમ આ વખતે પણ 18 દિવસ માટે ઘાટ પરથી પસાર થતા ગંગાના પ્રવાહને રોકી રાખવામાં આવ્યો હતો.

તીર્થધામોએ દીપોત્સવ



અયોધ્યાની સરયુ નદીના 56 ઘાટ પર 30 લાખ દીવાઓ દિવાળીની રાત્રિએ ઝળહળશે. અહીંના રસ્તાઓ, રેલવેસ્ટેશન લાઈટિંગની રોશનીથી સુશોભિત કરાઈ રહ્યા છે

જે પાંચમી કે સાતમી નવેમ્બરથી ફરી પ્રવાહ ચાલુ થશે એટલે તહેવારો દરમ્યાન આવેલ શ્રદ્ધાળુઓને ગંગાસ્નાનથી વંચિત નહીં રહેવું પડે. હરિ કી પૌડીના બ્રહ્મકુંડ ઘાટ પર રોજ સાંજે થતી ગંગાઆરતી વિશ્વ વિખ્યાત બની છે. આરતીના દર્શન માટે રોજ સાંજે અહીં આવેલા હજારો શ્રદ્ધાળુઓ ઘાટના પગથિયા પર ગોઠવાઈ જતા હોય છે. તહેવારોમાં અધિક ધસારાને લીધે પ્રશાસનને વિશેષ વ્યવસ્થાનું ધ્યાન રાખવું પડતું હોય છે. અહીંના કુશાવર્ત ઘાટ, વિષ્ણુઘાટ, બિરલા ઘાટ, ગૌ ઘાટ, સતીઘાટ અને વીઆઈપી ઘાટ સહિત કુલ ૧૦૭માંથી લગભગ મોટાભાગના ઘાટ પર ગંગાઆરતી થતી હોય છે. તો નજીકના યોગનગરી તરીકે જાણીતા ઋષિકેશમાં પણ દીપાવલી શૃંખલા દરમ્યાન અહીંના હજારો આશ્રમમાં શ્રદ્ધાળુઓના આકમણથી રહેવા માટે જગ્યા મળવી મુશ્કેલ હોય છે. જો કે આ બધા જ ધાર્મિક સ્થળો તીર્થધામોમાં ફરવાના શોખીન ગુજરાતીઓ વધુ નજરે પડતા હોય છે.

ગોકુળ, મથુરા, વૃંદાવનની પણ દીપાવલીના પર્વોમાં અનેરી રોનક જોવા મળે છે. 10 નવેમ્બરે ગોવર્ધન પૂજાનો દિવસ હોવાથી ગોવર્ધન પરિક્રમાઓ આવતા લાખો ભક્તો માટે સુવિધા અને સુરક્ષા માટે તંત્ર સજ્જ બની ગયું છે. મથુરાના ગિરિરાજજી મંદિરમાં 56 ભોગનો અન્નકૂટ આ દિવસે ધરાવાય છે. રાજસ્થાનના પુષ્કર ખાતે દિવાળીના અવસરોમાં પણ પિતૃઓને પિંડદાનનું મહત્ત્વ છે. અહીંના મંદિરો, કિલ્લાઓ અને મહેલોમાં અસંખ્ય દીવાઓ પ્રગટાવાની પરંપરા છે જે દશ્યો દિવાળીની રાત્રિએ આહ્લાદક લાગતા હોય છે. જો કે આ પરંપરાઓ તો જયપુર, જોધપુર, ઉદયપુર જેવા શહેરોમાં પણ જોવા મળે છે પણ આ ધાર્મિક સ્થળના બદલે પર્યટક સ્થળ તરીકે વધુ ખ્યાત છે. ઉદયપુર પાસે આવેલ નાથદ્વારા વૈષ્ણવોના તીર્થધામ તરીકે ખૂબ વિખ્યાત છે. દિવાળીના તહેવારોમાં અહીં શ્રનાથજીનો શૃંગાર અલૌકિક અને દર્શનીય હોય છે. રૂપાના તારથી વણેલા વસ્ત્રો હીરા, માણેક અને પન્ના ટાંકેલા હોય છે તો મોરપીંછવાળી પાઘડી સાથે દર્શનનો અલૌકિક લાભ મળે છે. દિવાળીની સાંજે હવેલીની ગૌશાળાના ગોવાળો પારંપરિક પોશાકોથી સજ્જ થઈ ગીતો ગાતા ગાતા હળદર, કુમકુમ અને ચંદનથી શણગારેલી ગાયોને મંદિરના ચોકમાં લાવે છે. દેશ-વિદેશથી આવેલા હજારો વૈષ્ણવો અને પર્યટકોને તહેવારોમાં અહીં નવનીતપ્રિયાજીની કાયની બનેલી ભવ્ય હાડી (જેમાં રાશિજ્ઞા ૧૨ આરા હોય છે)ના દર્શનનો પણ લાભ મળે છે.

ગુજરાતના તીર્થધામોનું તંત્ર પણ દર્શનાર્થીઓને આવકારવા સજ્જ હોય છે. સોમનાથ મહાદેવ મંદિરને અને પરિસરને હજારો લાઈટો અને દિવડાઓથી શણગારાય છે. આવેલા લાખો શ્રદ્ધાળુઓના 'હર હર મહાદેવ' ના નાદથી વાતાવરણ ખૂબ પવિત્ર અનુભવાય છે. ચોમાસા દરમ્યાન બંધ રહેલો 3D લાઈટ એન્ડ સાઉન્ડ શો દિવાળીના તહેવારોથી પુનઃ શરૂ કરાય છે. કાળીયા ઠાકરના દ્વારકામાં દ્વારકામંદિરના 43 મીટર ઊંચા શિખરની કિનારીઓ રંગીન લાઈટોથી સુશોભિત કરાય છે તો ગર્ભગૃહ અને પરિસર સુગંધી પુષ્પોથી શણગારાય છે. તહેવારોમાં ઉમટી પડેલા શ્રદ્ધાળુઓ દ્વારિકાધિશના ચરણે માથું ટેકવીને ધન્યતા અનુભવે છે. અહીં ગોમતીનદીના ઘાટ પરના 56 પગથિયાઓને પ્રજ્વલિત દીવાઓથી સુશોભિત કરાય છે. બેસતાં વર્ષના દિવસે ઠાકોરજીને 56 ભોગનો અન્નકૂટ ધરાવાય છે. જો કે ગુજરાતના મોટાભાગના મંદિરોમાં નૂતન વર્ષે અન્નકૂટ ધરાવાતો જ હોય છે. શક્તિપીઠ અંબાજી ખાતે પણ પ્રકાશોત્સવના અવસરે માતાજીનો વિશેષ શૃંગાર મનમોહક હોય છે. લાઈટિંગ અને ફૂલોથી મંદિર અને પરિસરની સજાવટ પધારેલા લાખો ભક્તો અને શ્રદ્ધાળુઓને દિવ્યતાની અનુભૂતિ કરાવે છે. શક્તિના ધામ પાવાગઢ, ચોટીલા, માતાનો મઢ, મોઢેરા જેવા સ્થળોએ પણ દિવાળીના ઉત્સવનો માહોલ અદભૂત હોય છે તો બગદાણા, સાળંગપુર, વીરપુર, સતાધાર, પરબવાવડી જેવા ધર્મસ્થળોએ પણ લાખો ભક્તોની મેદની દર્શનના લાભ સાથે તદન નિશુલ્ક રહેવા જમવાની સગવડનો લાભ પણ મેળવે છે. આ તહેવારોમાં વાતાવરણ પણ ખૂબ આહ્લાદક હોય છે. અને એવા જ વાતાવરણનો અનુભવ જુનાગઢના ગિરનાર દર્શનમાં પણ થાય છે. અહીંનું વહીવટી તંત્ર સજ્જ થઈ દિવાળી પહેલાથી છેક વીસ દિવસ સતત કાર્યરત રહે છે. કારણ કે ગિરનાર દર્શને આવનાર શ્રદ્ધાળુઓની સુવિધા, સુરક્ષા સાથે કારતક સુદ અગિયારસથી પ્રારંભિક ગિરનારની 36 કિ.મી. લાંબી લીલી પરિક્રમા ટૂટની સફાઈ, પાણી, ભોજન અને સુરક્ષાની તૈયારીઓ ચાલુ થઈ જતી હોય છે. દિવાળી પછી યાત્રાનો ઓચિંતા પ્રોગ્રામ બનાવતા લોકોએ ટિકીટ કે રહેવાની સગવડ કર્યા વગર જવું ના જોઈએ કારણ દિવાળી પછી ફરવા જવાનો ગુજરાતીઓનો નવો ટ્રેન્ડ જે છે તેને કારણે બધી જ જગ્યાએ રહેવા-જમવાની તકલીફ ચોક્કસ થઈ શકે તેથી પૂરતી તૈયારી વગર કંઈ આયોજન કરવું ના જોઈએ.

સંસ્કૃતિ દર્શન
સનત દવે

લેખાંક-૯૯

ધેનકાસુર વધ

'બા ળકૃષ્ણ'માંથી 'ગોપાળકૃષ્ણ' બનેલા શ્રીકૃષ્ણ અને તેમની સાથે બળરામજી (બળભદ્ર) એક દિવસ ગાયોના ધણને ચરાવતાં ચરાવતાં મિત્રોની સાથે ગોવર્ધન પર્વતની ઉત્તર તરફ આવેલા યમુનાના કિનારા પર રમણીય 'તાલવન'માં ગયા. આ તાલવન હંમેશાં સ્નિગ્ધ જ રહેતું હતું. ઢેફાઓ અને પથ્થરો વગરનું હતું. ફળોની સુગંધને ચારે બાજુ ફેલાવીને જાણે મનુષ્યોને ત્યાં આવવા માટે આમંત્રિત કરતું હોય તેવું જણાતું હતું. તે મોટા સપાટ પ્રદેશવાળું હતું અને શ્યામ કાંતિવાળા ઊંચાં તાડનાં ઝાડોથી વ્યાપ્ત હતું. આ વનમાં આવીને મિત્રોની માંગણીને વશ થઈ શ્રીકૃષ્ણે બળરામને કહ્યું, "પાકેલાં તાલ ફળોથી આ વન સુગંધમય થઈ રહ્યું છે. જો આપની મરજી હોય તો આ સુગંધી, શ્યામ તથા સ્વાદિષ્ટ ફળોને પાડીને આજે અહીં બેસીને ખાઈએ. એની સુગંધી પરથી હું ધારું છું કે આ ફળોનો રસ પણ અમૃત જેવો હશે".



પોતાની પાસે ઘણું હોય પરંતુ બીજાને કશું નહિ આપે તેનું નામ જ ધેનકાસુર. દેહને સર્વસ્વ માને અને શરીરનું સુખ તે જ મારું સુખ એવું જે સમજે, તે ધેનકાસુર. વનમાં રહેલાં ફળો ભલે પાકીને સડી જાય પરંતુ કોઈને પણ તે લેવા નહિ દે તે ધેનકાસુર

શ્રીકૃષ્ણની તેમ જ અન્ય બાળકોની ઈચ્છા જાણી બળરામે પોતાની હાથી જેવી શક્તિ બતાવી અને એક પછી એક એમ ત્યાં રહેલાં તમામ ઝાડોને હલાવી હલાવીને તેનાં પાકેલાં ફળોને પાડવા માંડ્યાં. આ રમણીય વનમાં પ્રહલાદનો વંશજ 'ધેનકાસુર' નામનો દૈત્ય પોતાના અનુચરો સહિત રહેતો હતો અને આ વનને જંગલ જેવું બનાવી દીધું હતું. કહેવાય છે કે 'પોતાની પાસે ઘણું હોય પરંતુ બીજાને કશું નહિ આપે તેનું નામ જ ધેનકાસુર. દેહને સર્વસ્વ માને અને શરીરનું સુખ તે જ મારું સુખ એવું જે સમજે, તે ધેનકાસુર. વનમાં રહેલાં ફળો ભલે પાકીને સડી જાય પરંતુ કોઈને પણ તે લેવા નહિ દે તે ધેનકાસુર'.

આ અસુરે આ રમણીય વનને ઉત્તમ ફળોથી યુક્ત હોવા છતાં પણ, માણસોને પાપોનાં ફળ ભોગવવાં પડે તેવું બનાવી દીધું હતું. આ વન સારભૂત હોવા છતાં પણ, અસુરના ભયને કારણે ભાગ્યે જ અહીં ફરકતાં મનુષ્યોના અભાવના કારણે શૂન્ય જેવું ભાસતું હતું. ઘણા પ્રાણીઓને તૃપ્તિ આપી શકે તેવું હોવા છતાં પણ ઘણા ફળો પડી ગયાં.

બળરામે ફેંકેલા ધેનકાસુરના શરીરની પછડાટથી એક પછી બીજું એમ અનેક વૃક્ષો કંપાયમાન થયાં અને તે તમામ વૃક્ષો પર રહેલાં બાકીનાં ફળો પણ પડી ગયાં. આથી બાળકમિત્રોને ખૂબ મઝા પડી અને તે અસંખ્ય ફળો તેમણે વીણી લીધાં. ધેનકાસુરને મરણ પામેલો જોઈ ક્રોધથી વ્યાપ્ત થયેલા બીજા અસંખ્ય ગધેડાઓ પણ તેવી જ રીતે દોડી આવતાં શ્રીકૃષ્ણ અને બળરામે તે તમામ ગધેડાઓને પણ મારી નાખ્યા અને વૃક્ષો ઉપર ફેંકી દીધા. તાલવનમાં આ પ્રમાણે ગધેડાઓના ભેગા થયેલા મૃતદેહોના કારણે અત્યંત અદભુત દ્રશ્ય બની ગયું. એવું લાગી રહ્યું હતું કે જાણે વિવિધ રંગનાં વાદળો તે વૃક્ષોની ઉપર ભેગાં થયાં હોય.

અહીં બે પૌરાણિક તથ્યોની નોંધ લઈએ. પહેલી એ કે ભગવાને પ્રહલાદને વચન આપેલું કે ''તારા વંશના કોઈ પણ રાક્ષસને હું નહિ મારું.'' આ કારણથી ભગવાન શ્રીકૃષ્ણ ધેનકાસુરને મારવા માટે બળદેવને આગળ કરે છે અને તેના બાકી રહેલા તમામ સાથી ગધેડાઓને મારવા તેઓ બળરામને સાથ આપે છે.

બીજું કે વિવેચકો વેદનાં વચનોનો ઉપયોગ કરીને ધેનકાસુરને 'દેહાધ્યાસ' તરીકે વર્ણવે છે. દેહધ્યાસનો અર્થ એવો થાય કે કોઈ પણ વ્યક્તિ એવું માને કે 'હું' એટલે 'મારું શરીર'. આ દેહાધ્યાસ કોઈ પણ જીવમાં અજ્ઞાન અથવા તો અવિદ્યાના કારણે જ ઉત્પન્ન થાય છે. આ અજ્ઞાન જ જીવને સંસારના બંધનમાં રાખે છે. તેના કારણે જ જીવમાં સાંસારિક પદાર્થોમાં મમતા, મોહ, રાગ અથવા દ્વેષ થાય છે. આ અજ્ઞાનમાંથી બહાર નહિ અવાય ત્યાં સુધી સંસાર છૂટતો નથી.

ખરેખર તો વેદની સમજ પ્રમાણે આ અજ્ઞાન જીવને પાંચ રીતે બાંધે છે. 'દેહાધ્યાસ', 'ઇન્દ્રિયાધ્યાસ', 'પ્રાણાધ્યાસ', 'અંતઃકરણાધ્યાસ' અને 'સ્વરૂપવિસ્મૃતિ'. આમાં પહેલા જણાવેલા 'દેહાધ્યાસ'નો ભાવ એવો છે કે એના વડે ઉત્પન્ન અજ્ઞાનથી જીવ એવું માનવા લાગે છે કે 'હું મોટો છું', 'હું સ્વરૂપવાન છું', 'હું સંપત્તિવાન છું' વગેરે.

ટૂંકમાં દેહાધ્યાસ દેહનું અભિમાન ઉત્પન્ન કરે છે અને તે અભિમાનમાં તે બીજા જીવોનું અપમાન કરે છે, તેને પીડા આપે છે.

આવા દેહાધ્યાસને બળદેવ મારે છે કારણ કે વેદના વચન પ્રમાણે બળદેવ એ શબ્દબ્રહ્મ (બીજા શબ્દોમાં સમજીએ તો વેદ)નું સ્વરૂપ છે. આમ વેદનાં વચનોનો પણ વિચાર કરવાથી ધીરે ધીરે દેહાધ્યાસ દૂર થાય, ધેનકાસુર વૃત્તિ દૂર થાય છે.

(ક્રમશઃ)

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ